<u>આંક–પ૩ અને પપની અરજી લગત સંયુકત હુકમ</u>

1. વાદીઓ તરફે આંક–પ૩થી અરજી આપી નામદાર સત્ર અદાલતે રસ્તા હાલચાલમાં વાદીઓને અટકાયત થાય નહી તે રીતેનો હુકમ ફરમાવેલો હોવા છતાં હાલમાં રસ્તામાં પ્રતિવાદીઓ તરફથી અડચણ થઈ રહેલ હોઈ તે અનુસંધાને મુદૃા ઘડવા અરજ ગુજારેલ છે તેમજ આંક–પપથી અરજી આપી (૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ નામદાર સત્ર અદાલતના હુકમથી દાવાવાળા રસ્તે ચાલવા હકકદાર છે? તથા

   (ર) શું વાદી પુરવાર કરે છે કે, સત્ર અદાલતના દિ.પ.અ.નં.૧૩/૧પ ના હુકમ બાદ પણ પ્રતિવાદીઓએ રસ્તામાં હાલચાલમાં અટકાયત કરેલ છે અને કોર્ટના હુકમનો અનાદર કરેલ છે?

   તેવા સુચિત મુદૃાઓ ઘડવા અરજ ગુજરોલ છે.

2. વાદીઓની આંક–પ૩ અને પપની અરજીનો પ્રતિવાદીઓ તરફે કોઈ જવાબ આપેલ નથી અને તેમના વિ.વ.શ્રીએ એવી રજુઆત અદાલતને કરેલ છે કે, તેઓને કોઈ જવાબ આપવો નથી અને વાદીઓની અરજી સંબંધે યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

3. વાદીઓના વિ.વ.શ્રીએ મુખ્યત્વે તેમની અરજીઓ મુજબની દલીલો કરેલ છે અને તેમની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે. પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ યોગ્ય અને ન્યાયી હુકમ થવા અરજ કરેલ છે.

4. બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી, હાથ ઉપરનું રેકર્ડ તપાસ્યું. વાદીઓએ રસ્તાના હાલચાલ માટે તેમનો હકક હોવા સંબંધીનો હાલનો દાવો કરેલ છે. વાદીઓએ હાલના દાવાના કામે આંક–૩૬થી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા સંબંધી અરજી કરતાં તે અરજીનો ગુણ–દોષ ઉપર મારા પુરોગામીશ્રી એ નિર્ણય કરી વાદીઓની અરજી ના–મંજુર કરતાં વાદીઓ તે હુકમથી નારાજ થઈ તે હુકમ સામે નામદાર પાંચમા એડી. ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ સમક્ષ દિ.પ.અપીલ નં.૧૩/૧પ થી અપીલ કરતાં નામદાર પાંચમા એડી. ડિસ્ટ્રીકટ

જજ સાહેબશ્રીએ વાદીઓની અપીલ મંજુર કરી મારા પુરોગામીશ્રીએ કરેલ હુકમ રદ કરેલ તેમજ વાદીઓને દાવાઅરજીમાં તથા વેચાણ દસ્તાવેજમાં જણાવેલ રસ્તાનો ઉપયોગ વાદીઓ કરે તેમાં પ્રતિવાદીઓએ કોઈ અડચણ કરવી નહી તેવો મનાઈ હુકમ તા.૫.૮.૧૭ ના રોજ ફરમાવેલ છે. વધુમાં, મારા પુરોગામીશ્રી એ હાલના કામે આંક–૪૭ થી તા.૨૦.૧૨.૧૭ ના રોજ મુદ્દાઓ ઘડેલ છે. ત્યારબાદ હાલના કામે વાદીઓ તરફથી ઉપરોકત જણાવ્યા મુજબની હકીકતવાળી અરજીઓ આપવામાં આવેલ છે અને તકરાર લેવામાં આવેલ છે કે, પ્રતિવાદીઓ નામદાર સત્ર અદાલતનો હુકમ હોવા છતાં વાદીઓને રસ્તામાં હાલચાલમાં અડચણ કરી રહેલ છે. વાદીઓ તરફે આપવામાં આવેલ અરજી અને ઉઠાવેલ તકરાર સંબંધે સૌ પ્રથમ કાયદાકીય જોગવાઈઓનો અભ્યાસ કરીએ તો, અદાલતની એ ફરજ છે કે, મુદ્દા એવા ઘડવા કે જેમાં તકરારની સઘળી વિગતો તથા તમામ દેખીતી બાબતો, છેલ્લા ચુકાદા માટે નિર્ણીત થઈ શકે તે રીતે પ્રતિબિંબિત હોય. વધુમાં, સી.પી.સી. ઓર્ડર – ૧૪ રૂલ–૩નો અભ્યાસ કરીએ તો, અદાલત નીચેની તમામ અથવા કોઈ એક સામગ્રી પરથી મુદ્દાઓ ઘડી શકે:

(એ) પક્ષકારોએ અથવા તેમના વતી હાજર રહેલ કોઈ વ્યકિતએ સોગંદ પર કરેલ અથવા આવા પક્ષકારોના વકીલોએ કરેલાં નિવેદનો,

(બી) પક્ષનિવેદનોમાં અથવા દાવામાં અપાયેલ પ્રશ્નાવલિના જવાબમાં રજુ કરાયેલાં નિવેદનો,

(સી) કોઈપણ પક્ષકાર રજુ કરેલ દસ્તાવેજની વિગતો.

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈનો અભ્યાસ કરીએ તો, દાવાનો નિર્ણય યોગ્ય બની રહે તે માટે પક્ષનિવેદન ઉપરાંત આ નિયમમાં દર્શાવાયેલ અન્ય બાબતો પણ ઉમેરવામાં આવેલ છે. પક્ષનિવેદનોમાં રજુ થયેલાં નિવેદનો ઉપરાંત અદાલત પક્ષકારોએ કરેલ કે તેમના વકીલશ્રીઓએ કરેલાં મૌખિક નિવેદનો ધ્યાનમાં લઈ શકે છે.

5. વધુમાં, સી.પી.સી. આદેશ–૧૪ નિયમ–પ મુજબ અદાલત હુકમનામું પસાર કરતાં પહેલાં કોઈપણ તબકકે મુદ્દાઓને સુધારી શકે, ઉમેરી શકે અથવા તો કાઢી નાખી શકે.

6. સદર કામે આંક–૪૭થી મુદ્દાઓ મારા પુરોગામીશ્રીએ ઘડેલા છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, વાદીઓ તરફે હાલની જે અરજીઓ આપી સુચિત મુદ્દાઓ આપવામાં આવેલ છે તે વાદીઓની દાવાઅરજી તથા રજુ રાખેલ દસ્તાવેજો તેમજ પક્ષકારો વચ્ચેની તકરારી વિષય વસ્તુ સંબંધે જોતાં, તમામ સુચિત મુદ્દાઓ તે જ રીતે ઘડવા ઉચિત જણાતા નથી. વાદીઓએ રસ્તા હકક સંબંધીનો હાલનો દાવો કરેલ છે અને કાયદાકીય જોગવાઈઓની સાથે હાથ ઉપરનું રેકર્ડ જોતાં, સદર કામે મારા પુરોગામીશ્રીએ જે મુદ્દાઓ ઘડેલ છે તે જોતાં, સદર કામે પક્ષકારો વચ્ચેની તકરારી વિષય વસ્તુનો આખરી ન્યાય–નિર્ણય કરવા માટે વાદીઓ તરફે હાલના તબકકે નામદાર સત્ર અદાલતનો હુકમ હોવા છતાં પ્રતિવાદીઓ ધ્વારા હાલચાલના રસ્તામાં અડચણ કરાઈ રહેલ છે તેવી તકરાર લેતાં તે મુદ્દાઓમાં નવા મુદ્દાઓ ઘડવાનું/ઉમેરવાનું જરૂરી અને ન્યાયોચિત જણાય છે. વધુમાં, સદર કામ હાલ વાદીઓના પુરાવાના તબકકે ચાલી રહેલ છે તેમજ આંક–૪૭થી ઉપસ્થિત કરેલ મુદ્દાઓમાં વાદીઓની તકરાર સંબંધે સુચિત મુદ્દો ઉમેરવાથી કોઈપણ પક્ષકારને નુકશાન જાય તેવી શકયતા નથી. સદર કામે ઉપરોકત ચર્ચા કરી તે મુજબની કાયદાકીય જોગવાઈઓની સાથે રેકર્ડ જોતાં, મારા પુરોગામીશ્રીએ આંક–૪૭થી ઉપસ્થિત કરેલ મુદ્દાઓમાં વાદીઓની તકરાર સંબંધે સુચિત મુદ્દો ઉમેરવાનો હુકમ કરી પક્ષકારો વચ્ચેની તકરારી વિષય વસ્તુનો આખરી ન્યાય–નિર્ણય કરવામાં આવે તો પક્ષકારો વચ્ચેની તમામ તકરારી વિષય વસ્તુનો આખરી ન્યાય–નિર્ણય કરવામાં સરળતા રહે તેમ છે. જેથી ઉપરોકત તમામ ચર્ચાને અંતે, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

1. વાદીઓની આંક–૫૩ અને ૫૫ની અરજી અંશત: મંજુર કરવામાં

આવે છે અને આંક–૪૭થી મારા પુરોગામીશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓમાં મુદ્દા નં.૩ (એ) થી નીચે મુજબનો નવીન મુદ્દો ઘડવાનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

(૩–એ) શું વાદીઓ પુરવાર કરે છે કે, તા.૫.૮.૧૭ના નામદાર પાંચમા એડી. ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રીએ દિ.પ.અ.નં.૧૩/૧૫ ના કામે વાદીઓ જયારે દાવાઅરજીમાં તથા વેચાણ દસ્તાવેજમાં ચોકકસપણે જણાવેલ હાલચાલના રસ્તાનો ઉપયોગ કરે ત્યારે પ્રતિવાદીઓએ તેમાં અડચણ કરવી નહી તેવો હુકમ કરેલ હોવા છતાં પ્રતિવાદીઓએ સદર હુકમ થયા બાદ વાદીઓ જયારે દાવાઅરજી તથા વેચાણ દસ્તાવેજમાં ચોકકસપણે જણાવેલ હાલચાલના રસ્તાનો ઉપયોગ કરતા હતા ત્યારે પ્રતિવાદીઓએ અડચણ કરી નામદાર પાંચમા એડી. ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રીએ દિ.પ.અ.નં.૧૩/૧૫ ના કામે કરેલ સદર હુકમનો ભંગ કરેલ છે?

2. સદર હુકમની અસર આંક–૪૭માં આપવાનો હુકમ કરવામાં આવે છે.
3. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તા.૧૩ માહે જુન સને ૨૦૧૯નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Dhoraji.

Date :13/06/2019

(Pranav Dilipkumar Modi)
Addl. Civil Judge &
J.M.F.C., Dhoraji.
GJ01202